| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ: | ૩૧–૧૨–૨૦૨૫ | | |
| દાખલ તારીખ: | ૩૧–૧૨–૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ: | ૨૩–૦૪–૨૦૨૬ | | |
| **અ વ ધિ :** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૩ | ૨૩ |

**મહે.પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.માંડવી–કચ્છ**

**દિ.પ.અરજી નં. ૨૮/૨૦૨૫**
**આંક :– ૨૦/એ**

**(૧) ગીતાબેન વા/ઓ.પ્રવિણ રાબડીયા, ઉ.વ.૪૧,**
**(૨) પ્રિયાંશી ડો/ઓ.પ્રવિણ રાબડીયા, ઉ.વ.૮,**
**(૩) હેત પ્રવિણ રાબડીયા, ઉ.વ.૫,**
**(૪) હરી પ્રવિણ રાબડીયા, ઉ.વ.૫,** **... અરજદારો**
તમામ રહે.ગામ–રામપર, તા.માંડવી–કચ્છ
(અરજદાર નં.ર થી ૪ વાળા સગીર હોય તેના વાલી માતા અરજદાર નં.૧ વાળા મારફતે)

**બાબત :–** **ઈન્ડીયન સકસેશન એકટની કલમ–૩૭૨ અન્વયે સકસેશન સર્ટીફીકેટ મળવા અંગે...**

અરજદારો તરફે વિ.વ.શ્રી વી. વી. મહેશ્વરી

## –: ચુ કા દો :–

(૧) અરજદારોની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર નં.૧ ના પતિ તથા અરજદાર નં.ર થી ૪ ના પિતા નામે પ્રવિણ કરસન રાબડીયા તા.૦૨–૦૯–૨૦૨૪ ના રોજ ગામ–રામપર, તા.માંડવી–કચ્છ ખાતે અવસાન પામેલ છે. ગુજરનાર પ્રવિણ કરસન રાબડીયાની શીડયુલમાં દર્શાવેલ જંગમ મિલ્કત બેંક ઓફ બરોડા,

રામપર વેકરા શાખામાં ફીકસ ડીપોઝીટ (૧) એકાઉન્ટ નં.૯૦૬૯૦૩૦૦૦૧૦૫૫૪, રીસીપ્ટ નં.૫૪૧૦૦૫૮, ડીપોઝીટ તા.૦૩–૦૪–૨૦૨૪, ડીપોઝીટ રકમ રૂા.૪,૦૦,૦૦૦/–, મેચ્યુરીટી રકમ રૂા.૪,૬૪,૫૬૮/– તથા (૨) એકાઉન્ટ નં.૯૦૬૯૦૩૦૦૦૧૦૦૨૫, રીસીપ્ટ નં.૫૩૭૪૪૧૫, ડીપોઝીટ તા.૦૭–૧૧–૨૦૨૩, ડીપોઝીટ રકમ રૂા.૨,૦૦,૦૦૦/–, મેચ્યુરીટી રકમ રૂા.૨,૩૨,૨૮૪/– એમ કુલ રૂા.૬,૯૬,૮૫૨/– વાળી આવેલ છે, સદર ફીકસ ડીપોઝીટની રકમ તથા તેના પરના વ્યાજ સહિતની રકમનું સકસેશન સર્ટીફીકેટ મેળવવા હાલની આ અરજી કરવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, અરજદાર નં.૧ થી ૪ વાળા ગુજરનાર પ્રવિણ કરસન રાબડીયાના સીધી લીટીના વારસદારો છે અને આ સિવાય અન્ય કોઈ ગુજરનારના વારસદારો નથી. અરજદારોને સદરહુ તમામ રકમ તથા તેના પરનું વ્યાજ સહિતની રકમ મળે તેમા બીજા કોઈને વાંધો કે હરકત નથી. અરજદાર નં.૧ ના પતિ તથા અરજદાર નં.૨ થી ૪ ના પિતા નામે પ્રવિણ કરસન રાબડીયાના અવસાન પહેલા સદરહુ રકમ ફીકસ ડીપોઝીટ રસીદો હેઠળની થાપણોની રકમ તથા તેના પરનું વ્યાજ સહિત વિગેરે અંગેનું વીલ કે વસીયતનામુ કે એવુ કોઈ લખાણ કરેલ ન હોવાથી તથા અરજદારોના પતિ થા પિતાનું અવસાન થવાથી સદરહુ રકમ અરજદારોના નામ જોગ મળે તે માટે વારસા સર્ટીફીકેટ મેળવવાની જરૂરીયાત ઉભી થવાથી હાલની આ અરજી કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે, આ સિવાય સદરહુ મિલ્કતનું વારસા સર્ટીફીકેટ મેળવવા માટે અન્ય કોઈ અરજી કરવામાં આવેલ નથી. અરજદારો કચ્છ જીલ્લાના માંડવી તાલુકાના ગામ રામપર મધ્યે રહેતા હોય તેમજ ગુજરનારની જે જંગમ મિલ્કત જણાવેલ છે તે મિલ્કત માંડવી તાલુકામાં આવેલ હોય જે નામદાર કોર્ટની હકુમતમાં હોય

જેથી સદરહુ અરજી ચલાવવા નામદાર કોર્ટને હકુમત પહોંચે છે. જેથી પ્રવિણ કરસન રાબડીયાની સદરહુ જંગમ મિલ્કત માટે અરજદારોના નામ જોગનું વારસા સર્ટીફીકેટ મેળવવા અરજદારોએ હાલની અરજી અત્રેની અદાલત સમક્ષ કરેલ છે.

(૨) અરજદારોની અરજી સંદર્ભે જુદી જુદી સરકારી કચેરીઓમાં તથા જુદી જુદી જાહેર જગ્યાએ જાહેર નોટીસો પ્રસિધ્ધ કરવા હુકમ કરવામાં આવેલ છે, જે અન્વયે એક નોટીસ અરજદારોના ખર્ચે સ્થાનિક વર્તમાન પત્ર ''કચ્છ મિત્ર''માં જાહેર નોટીસ પ્રસિધ્ધિ અર્થે મોકલી આપવામાં આવેલ અને બાકીની જાહેર નોટીસો જુદી જુદી સરકારી કચેરીઓમાં તથા જાહેર જગ્યાએ પ્રસિધ્ધિ અર્થે મોકલી આપવામાં આવેલ છે.

(૩) અરજદાર પક્ષ તરફે તેની અરજીના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

**(અ) <u>મૌખિક પુરાવો :-</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | ૮ | અરજદાર નં.૧- ગીતાબેન વા/ઓ.પ્રવિણ રાબડીયાનું પુરાવાનું સોગંદનામુ |

**(બ) <u>દસ્તાવેજી પુરાવો :-</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૦ થી ૧૩ | અરજદાર નં.૧ ના આધાર કાર્ડ તથા અરજદાર નં.ર થી ૪ ના પાસપોર્ટની ખરી નકલ |
| (૨) | ૧૪ | અરજદાર નં.૧ ના પતિના મૃત્યુ પ્રમાણપત્રની ખરી નકલ |
| (૩) | ૧૫, ૧૬ | બેંક ઓફ બરોડા, રામપર વેકરા શાખામાં આવેલ ખાતાની ફીકસ રસીદની ખરી નકલ |

| | | |
|---|---|---|
| (૪) | ૧૭ | કચ્છ મિત્ર દૈનિક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેર નોટીસવાળુ ન્યુઝ પેપર અસલ |
| (૫) | ૧૮ | દૈનિક વર્તમાન પત્રમાં જાહેર નોટીસ છપાવવા માટેનું બીલ અસલ |

અરજદાર તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, આંક–૧૯ ની કલોઝીંગ પુરશીષથી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

**(૪)** આ કામે અરજદારો તરફે રજુ થયેલ તેની અરજી, મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. અરજદારના વિધ્વાન વકીલ શ્રી વી. વી. મહેશ્વરીની મૌખિક દલીલો સાંભળી.

**(૫)** હાલના કામે સૌ પ્રથમ જોઈએ તો, અરજદાર નં.૧ ગીતાબેન વા/ઓ.પ્રવિણ રાબડીયાએ આંક–૮ થી પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે, તેમા તેઓએ પોતાની આંક–૧ ની અરજીમાં જણાવેલી હકીકતોને સોગંદ ઉપર સમર્થન કરેલ છે અને ઉપરોકત દસ્તાવેજી પુરાવા અરજદારે તેના સોગંદનામામાં રીફર કરેલા છે. વધુમાં, અરજદાર નં.૧ ના આધાર કાર્ડ તથા અરજદાર નં.૨ થી ૪ ના પાસપોર્ટની ખરી નકલ અનુક્રમે આંક–૧૦ થી ૧૩ સુધીથી રજુ કરેલ છે. વધુમાં, અરજદાર નં.૧ ના પતિ તથા અરજદાર નં.૨ થી ૪ ના પિતા નામે પ્રવિણ કરસન રાબડીયા તા.૦૨–૦૯–૨૦૨૪ ના રોજ ગામ–રામપર, તા.માંડવી–કચ્છ ખાતે અવસાન પામેલ છે, જેના સમર્થનમાં આંક–૧૪ થી તેમના મૃત્યુ પ્રમાણપત્રની ખરી નકલ રજુ કરેલ છે. વધુમાં, અરજદારના કથન અનુસાર ગુજરનાર પ્રવિણ કરસન રાબડીયાની બેંક ઓફ બરોડા, રામપર વેકરા શાખામાં ફીકસ ડીપોઝીટ (૧) એકાઉન્ટ નં.૯૦૬૯૦૩૦૦૦૧૦૫૫૪, રીસીપ્ટ નં.૫૪૧૦૦૫૮, ડીપોઝીટ તા. ૦૩–૦૪–૨૦૨૪, ડીપોઝીટ રકમ રૂ.૪,૦૦,૦૦૦/–, મેચ્યુરીટી રકમ રૂ.

૪,૬૪,૫૬૮/– તથા (૨) એકાઉન્ટ નં.૯૦૬૯૦૩૦૦૦૧૦૦૨૫, રીસીપ્ટ નં. ૫૩૭૪૪૧૫, ડીપોઝીટ તા.૦૭–૧૧–૨૦૨૩, ડીપોઝીટ રકમ રૂા. ૨,૦૦,૦૦૦/–, મેચ્યુરીટી રકમ રૂા.૨,૩૨,૨૮૪/– એમ કુલ રૂા. ૬,૯૬,૮૫૨/– વાળી આવેલ હોવાનું જણાવેલ છે, જે બાબતે આંક–૧૫ તથા ૧૬ થી બેંક ઓફ બરોડા, રામપર વેકરા શાખામાં આવેલ ખાતાની ફીકસ રસીદની ખરી નકલ રજુ કરેલ છે, જે ધ્યાને લેતા અરજદાર નં.૧ ના પતિ અને નં.૨ થી ૪ ના પિતા ગુજરનાર પ્રવિણ કરસન રાબડીયાના નામે અરજદારે તેમની અરજીમાં જણાવ્યા મુજબની ફીકસ ડીપોઝીટ બેંક ઓફ બરોડા, રામપર વેકરા શાખામાં આવેલ હોવાની હકીકતને સમર્થન મળે છે.

વધુમાં, આ કામે અરજદારોની અરજી સંદર્ભે જુદી જુદી સરકારી કચેરીઓ અને જાહેર સ્થળોએ જાહેર નોટીસો પ્રસિધ્ધ કરાવવામાં આવેલ છે જે રેકર્ડમાં સામેલ છે તેમજ અરજદારોની અરજી સંદર્ભે સ્થાનિક વર્તમાન પત્ર ''કચ્છ મિત્ર''માં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે ન્યુઝ પેપરની અસલ પ્રત તથા જાહેરાત પ્રસિધ્ધિ અંગેનું અસલ બીલ આ કામે અનુક્રમે આંક–૧૭ તથા ૧૮ થી રજુ કરેલ છે. આમ, અરજદારોની અરજી સંદર્ભે સ્થાનિક વર્તમાન પત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ થવા છતાં આજ દિન સુધી અરજદારોની અરજી સામે કોઈના વર, વાંધા કે તકરાર હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, અરજદારોની આંક–૧ ની અરજીની હકીકતને તેઓના આંક–૮ ના પુરાવાના સોગંદનામા ધ્વારા સમર્થન પ્રાપ્ત થાય છે, જે હકીકત ખરી હોવાનું જણાય આવે છે તેમજ ઉપરોકત જાહેર નોટીસો પ્રસિધ્ધ થવા છતાં અરજદારોની અરજી સામે કોઈ વાંધા આવેલ નથી, જેથી ઉપરોકત હકીકતોને નહિ માનવા માટે અન્ય કોઈ કારણ રહેતુ નથી. આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ ઉપરોકત હકીકતો અને સમગ્ર સંજોગો ધ્યાને તથા

લક્ષમાં લઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**-: હુકમ :-**

**અરજદાર નં.<u>(૧) ગીતાબેન વા/ઓ.પ્રવિણ રાબડીયા, (૨) પ્રિયાંશી ડો/ઓ. પ્રવિણ રાબડીયા, (૩) હેત પ્રવિણ રાબડીયા તથા (૪) હરી પ્રવિણ રાબડીયા</u>** નાઓની ધ ઈન્ડીયન સકસેશન એકટની કલમ-૩૭૨ અન્વયે સકસેશન સર્ટીફીકેટ મેળવવા અંગે કરેલ અરજી, આથી **મંજૂર** કરવામાં આવે છે.

આ કામના અરજદારોએ જરૂરી કોર્ટ ફી સ્ટેમ્પ અત્રેની અદાલતમાં રજુ કર્યેથી અરજદારોના નામ જોગ આંક-૧ ની અરજી લગત શીડયુલમાં જણાવ્યા મુજબની જંગમ મિલ્કત (બેંક ઓફ બરોડા, રામપર વેકરા શાખામાં ફીકસ ડીપોઝીટ- (૧) એકાઉન્ટ નં. ૯૦૬૯૦૩૦૦૦૧૦૫૫૪, રીસીપ્ટ નં.૫૪૧૦૦૫૮, ડીપોઝીટ તા.૦૩-૦૪-૨૦૨૪, ડીપોઝીટ રકમ રૂ.૪,૦૦,૦૦૦/-, મેચ્યુરીટી રકમ રૂ.૪,૬૪,૫૬૮/- તથા (૨) એકાઉન્ટ નં.૯૦૬૯૦૩૦૦૦૧૦૦૨૫, રીસીપ્ટ નં.૫૩૭૪૪૧૫, ડીપોઝીટ તા.૦૭-૧૧ -૨૦૨૩, ડીપોઝીટ રકમ રૂ.૨,૦૦,૦૦૦/-, મેચ્યુરીટી રકમ રૂ.૨,૩૨,૨૮૪/- તથા તેના ઉપર થતા વ્યાજ સહિત)નું સકસેશન સર્ટીફીકેટ કાઢી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૨૩-૦૪-૨૦૨૬
**સ્થળ :** માંડવી

**(શ્રીમતિ સ્વાતિ ખત્રી)**
પ્રિન્સિપાલ સિવિલ જજ, માંડવી-કચ્છ
કોડ નં.જી.જે.૦૧૫૧૭